# સત્યબંધુનો સાચો વેપાર

– સાંકળચંદ પટેલ

કલોલમાં બે શાકમાર્કેટો છે. નવા શાકમાર્કેટના મુખ્ય દરવાજાની અંદર પહેલી બે સામસામી દુકાનો છે. એ દુકાનો પર બે છોકરાઓ બેસીને વેપાર કરતા હતા. એમાં એકનું નામ હતું સત્યબંધુ અને બીજાનું નામ ધનબંધુ.

એક વાર સત્યબંધુની દુકાને આવીને એક ગ્રાહકે પૂછ્યું : ''તમારે ત્યાંથી તાજું પપૈયું મળશે ?''

સત્યબંધુએ કહ્યું : ''પપૈયું તાજું તો નથી, પરંતુ બે દિવસ પહેલાંનું છે.''

ગ્રાહક પપૈયું લીધા વગર સામેની દુકાને ગયો અને પૂછ્યું : ''તમારે ત્યાંથી તાજું પપૈયું મળશે ?''

ધનબંધુએ કહ્યું : ''હા, મળશે. આજે સવારે જ તાજાં પપૈયાં આવેલાં છે. જુઓ, આ રહ્યાં !'' કહીને તેણે એક પપૈયું બતાવ્યું.

ગ્રાહક પપૈયું લઈને ઘેર ગયો, એટલે ધનબંધુએ સત્યબંધુને કહ્યું : ''આ રીતે સાચું બોલીને વેપાર કરીશ તો તારો વેપાર નહિ ચાલે અને તું ભૂખે મરીશ. જો, મેં ચાર દિવસનું પપૈયું હતું તોયે તાજું કહીને આપી દીધું તો ગ્રાહક લઈ ગયો. વેપાર તો જૂઠું બોલીને જ કરવો પડે.''

સત્યબંધુએ કહ્યું : ''મને જૂઠું બોલીને વેપાર કરતાં નહિ આવડે. હું તો સત્ય બોલીને જ વેપાર કરીશ. પછી ભલે મારો વેપાર ચાલે કે ન ચાલે !''

''જેવી તારી મરજી !'' ધનબંધુએ કહ્યું ને પછી ઉમેર્યું– ''આ તો મેં તને વેપારની રીત સમજાવી હતી. એ પ્રમાણે વર્તવું કે ન વર્તવું એ તારી ઇચ્છાની વાત છે.''

ગ્રાહકે ઘેર જઈને પપૈયું કાપીને જોયું તો તે બગડી ગયેલું હતું. અડધા ભાગમાં સડો લાગ્યો હતો અને તેમાંથી ખરાબ વાસ આવતી હતી. તેનું મન ખાટું થઈ ગયું. તે બબડયો :



''હરામખોર મને છેતરી ગયો ! હવે તેની દુકાને પગ પણ નહિ મૂકું.''

તે દિવસ પછી ગ્રાહકે ધનબંધુની દુકાનેથી શાકભાજી અને ફળફળાદિ ખરીદવાનું બંધ કરી દીધું; અને પેલા સાચું બોલનારા છોકરા – સત્યબંધુની દુકાનેથી ફળફળાદિ ખરીદવાનું શરૂ કર્યું. ગ્રાહકને એની દુકાનેથી માલ ખરીદવાનો સંતોષ હતો.

ધનબંધુની દુકાનેથી એક વાર માલ ખરીદ્યા પછી ગ્રાહકને અસંતોષ થતો હતો, તેથી તે ગ્રાહક ફરીથી તેની દુકાને આવતો ન હતો. ધીરેધીરે ધનબંધુની દુકાને ઘરાકી ઓછી થઈ ગઈ.

આ બાજુ સત્યબંધુની સચ્ચાઈની વાત આખા શહેરમાં ધીરેધીરે ફેલાઈ ગઈ. તેની દુકાને ઘરાકી વધવા માંડી. એક વાર જે ગ્રાહક તેની દુકાનેથી માલ ખરીદી જતો હતો, તે તેનો કાયમી ગ્રાહક બની જતો હતો.

ધીમેધીમે સત્યબંધુનો વેપાર વધતો ગયો. તેણે બે નોકરો રાખ્યા હતા, છતાં તે વેપારના કામકાજમાં પહોંચી વળતો ન હતો. તેથી તેણે બે દુકાનો જુદી પાડી. એક શાકભાજીની અને બીજી ફળફળાદિની. બંને દુકાનોમાં બે–બે નોકરો રાખ્યા હતા. શહેરમાં તે પ્રામાણિક અને મોટા વેપારી તરીકે ઓળખાવા લાગ્યો હતો.

એક બાજુ દિવસે–દિવસે સત્યબંધુના વેપારમાં વૃદ્ધિ થઈ રહી હતી અને બીજી બાજુ ધનબંધુનો વેપાર મંદીમાં સપડાતો જતો હતો.

■